# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-02-2025 Day: Satureday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રીઝર્વ બેંકે રેપોરેટમાં ઘટાડો કર્યો :

ભારતીય રિઝર્વ બૅન્કે અંદાજે પાંચ વર્ષ બાદ નીતિ સંબંધિત રૅપો રેટમાં 25 બેસીઝ પૉઈન્ટનો ઘટાડો કર્યો છે. તેમજ રૅપો રેટને સાડા 6 ટકાથી ઘટાડીને સવા 6 ટકા કર્યો છે. રૅપો રેટ એ વ્યાજ દર છે , જેની ઉપર દેશમાં વાણિજ્યિક બૅન્ક રિઝર્વ બૅન્ક પાસેથી નાણાં ઉછીનાં લે છે. રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ નાણાકીય નીતિ સમિતિ- MPCની ત્રણ દિવસની બેઠક બાદ મુંબઈમાં આ અંગેની જાહેરાત કરી હતી.

---

--------------------------------------------------------------------------------

## લોકસભામાં અંદાજપત્ર પર ચર્ચા :

લોકસભામાં ગઈકાલે સામાન્ય અંદાજપત્ર પર ચર્ચા થઈ. ચર્ચાની શરૂઆત કરતા કૉંગ્રેસના ધર્મવીર ગાંધીએ કેન્દ્રીય અંદાજપત્ર દેશ સામે વર્તમાન કૃષિ પડકારોના સમાધાન કરવામાં નિષ્ફળ રહ્યું હોવાનો આક્ષેપ લગાવ્યો.

આ તરફ ભાજપના રાવ રાજેન્દ્ર સિંહે કેન્દ્રીય અંદાજપત્રની પ્રશંસા કરતા કહ્યું , અંદાજપત્રમાં ગરીબ, ખેડૂતો અને મહિલાઓના હિતને ધ્યાનમાં રખાયા છે. તેમણે સરકારે ખેડૂતોના લાભ પર ધ્યાન કેન્દ્રીત કર્યું હોવાનું પણ જણાવ્યું હતું.

---

--------------------------------------------------------------------------------

## મહાકુંભ :

મહાકુંભના ત્રિવેણી સંગમમાં અત્યાર સુધી 40 કરોડથી વધુ શ્રદ્ધાળુએ આસ્થાની ડૂબકી લગાવી છે. પ્રયાગરાજમાં મકરસંક્રાંતિ, મૌની અમાસ અને વસંત પંચમી પર ત્રણ અમૃત સ્નાન પછી પણ શ્રદ્ધાળુઓનો ઉત્સાહ યથાવત્ છે. ઉત્તરપ્રદેશ સરકારને આ વખતે ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાની સંખ્યા 50 કરોડથી ઉપર પહોંચવાની શક્યતા છે.

આ તરફ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ત્રિવેણી સંગમ ખાતે ગઈકાલે પવિત્ર સ્નાન કર્યું. તેમણે ગુજરાત પેવેલિયનની મુલાકાત લઈ યાત્રાળુઓ માટે કરાયેલી વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી.

---

--------------------------------------------------------------------------------

## ઊર્જા :

ભારતે 100 ગીગાવૉટ સ્થાપિત અને ઊર્જા ક્ષમતાને પાર કરી ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. આનાથી અક્ષય ઊર્જામાં વિશ્વમાં અગ્રણી તરીકેની દેશની સ્થિતિ મજબૂત બની છે. નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયે જણાવ્યું કે, આ સિદ્ધિ સ્વચ્છ અને હરિયાળા ભવિષ્ય પ્રત્યે દેશની પ્રતિબદ્ધતાનું પરિણામ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 2030 સુધી 500 ગીગાવૉટ બિનઅશ્મિભૂત ઈંધણ આધારિત ઊર્જા ક્ષમતાના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને સાકાર કરવાની દિશામાં આ મહત્વનું પગલું છે.

નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ કહ્યું , “ગત 10 વર્ષમાં દેશની ઊર્જા યાત્રા ઐતિહાસિક અને પ્રેરણાદાયી રહી છે.” તેમણે સૌર પૅનલ, સૌર પાર્ક અને રૂફટૉપ સૌર પરિયોજનાઓ જેવી પહેલના કારણે ક્રાંતિકારી

પરિવર્તન આવ્યા હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. શ્રી જોષીએ ઉંમેર્યું , "ભારત આત્મનિર્ભર બનવાની સાથે વિશ્વને ગ્રીન એનર્જી ક્ષેત્રમાં એક નવો માર્ગ પણ બતાવી રહ્યું છે."

---

## પ્રાથમિક ખેતી મંડળી :

રાજ્યની બે હજાર નવસો પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ-પેક્સ ટૂંક સમયમાં જ સક્રિય થશે. પેક્સ કમ્પ્યુટરાઇઝેશન યોજના અંતર્ગત રાજ્ય સરકાર પેક્સ દીઠ 4 લાખ રૂપિયાની નાણાંકીય સહાય આપી રહી છે. આ યોજના અંતર્ગત પેક્સને ડેસ્કટોપ , મલ્ટી-ફંક્શન પ્રિન્ટર્સ , ભૌતિક VPN ઉપકરણો, બાયોમેટ્રિક સ્કેનર્સ , વેબ કૅમેરા , UPS સિસ્ટમ્સ અને જરૂરી સોફ્ટવેરથી સજ્જ કરવામાં આવી છે. આ ઉપરાંત , પેક્સના તમામ ડેટાનું ડિજિટલાઇઝેશન કરવામાં આવશે અને એક વ્યાપક સપોર્ટ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે , સહકાર મંત્રાલયેતમામ પેક્સને એક યુનિફાઇડ એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગ પ્લેટફૉર્મ પર એકીકૃત કરવા માટે પેક્સ કમ્પ્યુટરાઇઝેશન યોજના અમલમાં મૂકી છે. આ પહેલ પેક્સને રાજ્ય સહકારી બૅન્કો અને જિલ્લા કેન્દ્રીય સહકારી બૅન્કોના માધ્યમથી રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બૅન્ક-નાબાર્ડ સાથે જોડે છે.

---

## માદક પદાર્થ હેરાફેરી :

પૂર્વ કચ્છ એસઓજીએ ગાંધીધામમાં કુરિયર મારફતે માદક પદાર્થની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસને મળેલી બાતમીના આધારે ગાંધીધામના બિઝનેસ આર્કેડ સુભાષનગર વિસ્તારમાં આવેલી એક્સપ્રેસ કુરિયર ઓફિસ પર વૉચ ગોઠવવામાં આવી હતી. પોલીસે ઓડિશાથી આવેલા પાર્સલમાંથી એક લાખ

એકવીસ હજાર રૂપિયા ની કિંમતનો 12 કિલોથી વધુ માદક પદાર્થનો જથ્થો જપ્ત કર્યો છે. આ કેસમાં રાજીવ વિન્દેશ્વર રાય અને સુભાષ દાહોરની ધરપકડ કરવામાં આવી છે. બંને આરોપીઓને કુરિયર ઓફિસમાંથી પાર્સલ લઈને નીકળતા જ ઝડપી પાડવામાં આવ્યા હતા.

------------------------------------------------------------------------------------

## સમૂહ લગ્ન મછોયા આહીર :

ગઈકાલે જીલ્લામાં ઠેર ઠેર મછોયા આહીર સમાજમાં અંદાજે ७00 જેટલા યુગલો લગ્ન ના બંધને બંધાયા . અંજાર તાલુકાના ભીમાસર ગામે મછોયા આહીર સમાજ ના યોજાયેલા સમૂહ લગ્નમાં વરરાજા ની પરંપરાગત વરઘોડા ની અને લગ્ન ગીતો થી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. પરંપરગત ભરત ગુંથણથી શણગારાયેલા બળદગાડી સાથેના વરઘોડા લોકો માટે આકર્ષણ નું કેન્દ્ર બન્યા હતા.

------------------------------------------------------------------------------------